# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

## જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર

## જિલ્લા રમત સંકુલ, ધનિયાણા ચોકડી, પાલનપુર

E-Mail : dsdo-banaskantha@gujarat.gov.in
E-Mail : dso-sycd-bk@gujarat.gov.in
ફોન નં.૦૨૭૪૨-૨૫૮૬૪૭

ક્રમાંક : જિ.ર.પ્ર.કેન્દ્ર./ખેમકું-૨૦૨૫/રાજ્યકક્ષા/૧૦૧૧ થી ૧૦૬૦/૨૦૨૫-૨૬ તારીખ : ૦૯/૦૧/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી તમામ,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી તમામ,
ગુજરાત રાજ્ય.

**વિષય : ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષા બાસ્કેટબોલ અંડર -૧૪,૧૭ અને ઓપન એઇજ બહેનો ના સ્પર્ધા કાર્યક્રમ બાબત.**

**સંદર્ભ : એસ.એ.જી/ખેમકું-૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૧/૨૦૨૫ અન્વયે.**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, બનાસકાંઠા દ્વારા ખેલ મહાકુંભ-૨૦૨૫ રાજ્યકક્ષાની અંડર- ૧૪ ,૧૭ અને ઓપન એઇજ બહેનોની બાસ્કેટબોલ સ્પર્ધાનું આયોજન બનાસકાંઠા ખાતે કરવામાં આવનાર છે. **જે અંગેની આપના જિલ્લાની ઝોનકક્ષાએથી રાજ્યકક્ષા માટે ક્વોલિફાઇડ થયેલ ટીમના ખેલાડીઓની એન્ટ્રી KMK ID અને (ઓનલાઇન વિનિંગ મોડ્યુલ કર્યા બાદ) અધિકારીના સહી/સિક્કા સાથેની એન્ટ્રી તા.૧૫/૦૧/૨૦૨૬ સુધીમાં ઉપરોક્ત ઈ-મેઈલ પર મોકલી આપવી** તેમજ ખેલાડીને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

**રાજ્યકક્ષા બાસ્કેટબોલ અંડર -૧૪,૧૭ અને ઓપન એઇજ બહેનો સ્પર્ધા કાર્યક્રમ**

**સ્પર્ધા તારીખ : ૧૭/૦૧/૨૦૨૬ થી ૨૨/૦૧/૨૦૨૬ સુધી**

| ક્રમ | વયજૂથ | રીપોર્ટીંગ તારીખ અને સમય | સ્પર્ધા તારીખ અને સમય | રીપોર્ટીંગ/નિવાસ/ સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ઓપન એઇજ બહેનો | તા.૧૭/૦૧/૨૦૨૬ સવારે ૧૦:૦૦ થી ૦૨:૦૦ કલાક સુધી | તા.૧૭/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે થી શરૂ | સ્પર્ધા સ્થળ : તાલુકા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ડીસા<br>રીપોર્ટીંગ/નિવાસ : સરસ્વતી વિદ્યાસંકૂલ, નાની આખોલ, ડીસા |
| ૨ | અં-૧૪ બહેનો | તા.૧૯/૦૧/૨૦૨૬ સવારે ૧૦:૦૦ થી ૦૨:૦૦ કલાક સુધી | તા.૧૯/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે થી શરૂ | |
| ૩ | અંડર-૧૭ બહેનો | તા.૨૧/૦૧/૨૦૨૬ સવારે ૧૦:૦૦ થી ૦૨:૦૦ કલાક સુધી | તા.૨૧/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે થી શરૂ | |
| સંપર્ક નંબર | | (૧) શ્રી વસ્તાભાઈ પટેલ : ૯૯૦૯૧૭૫૨૭૮ (સ્પર્ધા કન્વીનર) (નિવાસ માટે)<br>(૨) શ્રી તરૂણભાઈ પટેલ : ૯૯૨૪૦૩૪૧૭૪ (સ્પર્ધા કન્વીનર) | | |

**સામાન્ય સુચનાઓ :-**

- પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીઝનલ નકલ પણ સાથે લાવવાની રહેશે અને કોઈ પણ ફેરફાર હોય તો જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી / જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી/સિક્કા સાથેની એન્ટ્રી સાથે લાવવાની રહેશે.

- ઓનલાઈન KMK ID નંબર વાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
- સ્પર્ધાના દરેક ખેલાડીઓએ એલીજીબીલીટી ફોર્મ ફોટા સાથે પોતાના જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી / જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી/સિક્કા કરાવી લાવવાના રહેશે.
- ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ/જન્મનું પ્રમાણપત્ર/રહેઠાણના જરૂરી પુરાવા અને આધારકાર્ડ ફરજિયાત સાથે લાવવાના રહેશે.
- બાસ્કેટબોલ રમતમાં વયજૂથ મુજબ ૧૨-ખેલાડીઓ, ૧-કોચ, અને ૧-મેનેજર મોકલવાના રહેશે. એન્ટ્રીમાં ફરજીયાત કોચ/મેનેજરનો સંપર્ક નંબર લખવાનો રહેશે.
- જિલ્લામાંથી રાજ્યકક્ષાએ ભાગ લેવા જતાં ખેલાડીઓ/ટીમની એન્ટ્રી તેમજ કોચ/મેનેજરનું નામ અને સંપર્ક નંબર અત્રેની કચેરીને અચૂક મોકલી આપવાનાં રહેશે.
- જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે.
- સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજીયાત છે.
- પ્રવાસ ખર્ચના નાણાં  મેનેજરના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવશે, જેથી કેન્સલ ચેક અથવા બેન્ક ખાતાની વિગત સાથે લઈને આવવાનું રહેશે.
- રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખેલાડી,કોચ,મેનેજર અને સપોર્ટીંગ સ્ટાફ બસ ,રેલ્વે અને અન્ય  સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે.
- જિલ્લામાંથી ભાગ લેવા આવતી ટીમ સાથે ખેલાડી, કોચ અને મેનેજર સિવાય અન્ય કોઈ પણ બીન અધિકૃત વ્યક્તિને ટીમ સાથે લાવી શકશે નહી.
- કોચ અને મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઈપણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહી.
- કોઈપણ ટીમ સામે પ્રોટેસ્ટ લેવામાં આવે તો સમયમર્યાદામાં આધાર પુરાવા રજૂ કરવાના રહેશે. અને જો આધાર પુરાવા રજૂ નહી કરી શકે તો ટીમને ડિસ્કવોલિફાઇડ કરવામાં આવશે.
- આ સ્પર્ધા બાસ્કેટબોલ એસોસિયેશનના નીતી-નિયમો મુજબ રમાડવામાં આવશે.

**(એમ.એમ.પટેલ)**
**જિલ્લા રમત ગમત અધિકારી**
**બનાસકાંઠા**

**(કમલા પાલ)**
**જિલ્લા રમત વિકાસ અધિકારી**
**બનાસકાંઠા**

<u>નકલ સવિનય રવાના જાણ સારૂં</u> :

1. માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
2. માન. કલેક્ટરશ્રી, બનાસકાંઠા.
3. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠા.
4. માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
5. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, બનાસકાંઠા. (સ્પર્ધા સ્થળે મેડીકલ ટીમ હાજર રાખવા સારું.)
6. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા.
7. આચાર્યશ્રી, સરસ્વતી વિદ્યાસંકૂલ નાની આખોલ, ડીસા (નિવાસ સ્થળે જરૂરી સુવિદ્યા પૂરી પાડવા સારૂં)
8. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, માન્ય બાસ્કેટબોલ એસોસીએશન ગુજરાત રાજ્ય.
9. માન. નાયબ માહિતી નિયામકશ્રી, પાલનપુર (સ્પર્ધાની વિના મૂલ્ય દરેક દૈનિક પત્રોમાં પ્રસિધ્ધિ કરવા સારૂં)